ઇ.મેઇલ.આઇ: agtta. gujarat@yahoo.com
Web - www.agtta.in

વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૬, બીજો-ત્રીજો માળ, જુના સચિવાલય,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦

ટેલિફોન નં. 079-23251365 ઇ-મેઇલ નં. Cottax 2016 @gmail.com

ખુબ જરૂરી/પ્રથમ મહત્વ/સમય મર્યાદા

નં.ટેક્ષ/એડવાન્સ ટેક્ષ/મુદત-વધારો/ઓન- ૨૦૧૭
તારીખ : ૦૩/૦૪/૨૦૧૭

પ્રતિ,
નાયબ સચિવશ્રી,
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,
બ્લોક નં.૨, નવમો માળ, નવા સચિવાલય,
ગાંધીનગર

વિષય : વર્ષ ૨૦૧૭-૧૮ ના ટેક્ષ ક્વાર્ટરની મુદતમાં વધારો કરવા બાબત.
અનુ. : અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, અમદાવાદનો પત્ર તા.૦૧.૦૪.૨૦૧૭

ઉપરોક્ત વિષય તથા અનુસંધાને જણાવવાનું કે, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ની રજુઆત મુજબ વર્ષ ૨૦૧૭-૧૮ના ટેક્ષ ક્વાર્ટરની મુદત હાલ એપ્રિલ માસમાં ૧૦ તારીખ સુધીની છે,જે દરમ્યાન સરકારશ્રીના જાહેરનામા અન્વયે તા.૦૧/૦૪/૨૦૧૭ થી નવા મોટર વાહન વેરાના દરની અમલવારી કરવા માટે વાહન સોફ્ટવેરમાં અપડેટ કરવાની કામગીરી માટે તા.૦૧/૦૪/૨૦૧૭ ના રોજ મોટર વાહન વેરાની કામગીરી તમામ R.T.O./A.R.T.O.કચેરીમાં બંધ રાખવામાં આવેલ છે. તથા તા.૨/૪૨૦૧૭, તા.૦૫/૦૪/૨૦૧૭, તા.૦૮/૪૨૦૧૭, અને તા.૦૯/૦૪/૨૦૧૭ શનિવાર-રવિવાર તથા રામનવમીની જાહેર રજા આવે છે. આમ કુલ પાંચ રજાઓને કારણે ટેક્ષ ભરવાનો સમય ઓછો થાય છે. તેવી અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, અમદાવાદની રજુઆત છે.

ઉપરોક્ત સંજોગો ધ્યાનમાં લઈ ગુજરાત મોટર વ્હીકલ ટેક્ષ- રૂલ્સ ૧૯૫૯ ના નિયમ ૮(૩) મુજબ વધુ સાત દિવસ સુધી મુદત વધારવા ભલામણ છે. જેથી આ દરખાસ્ત પરત્વે જાહેરનામું કરવાનું થાય તેના માટે સરકારશ્રીના આદેશ ત્વરીત મેળવી આપવા વિનંતી છે.

ખાસ ફરજ પરના અધિકારી

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરીથી

નકલ રવાના : શ્રી મુકેશભાઇ સી.દવે, માનદમંત્રીશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિરની સામે, શાહીબાગ રોડ, અમદાવાદ

Akhil Gujarat Truck Trans. Asso.
Rec. Dt. 03-04-2017